પેજ 3

અમિતાભ બચ્ચને બ્લોગમાં કર્યો સર્જરી અને ICUમાં દાખલ થયાનો ખુલાસો



મુંબઈ, તા. 21: અમિતાભ બચ્ચને સોમવારે પોતાના બ્લોગમાં હોસ્પિટલમાં દાખલ થવા, સર્જરી અને આઈસીયુમાં એડમિટ થવાનો ઉલ્લેખ કર્યો હતો. જોકે, તેમણે એ નથી જણાવ્યું કે તેઓ ક્યારે, કઈ હોસ્પિટલમાં, કેટલા દિવસ અને શા માટે દાખલ હતા. આ જ વર્ષે મે મહિનામાં અમિતાભ બચ્ચનના હોસ્પિટલમાં દાખલ થવાના સમાચાર સામે આવ્યા હતા. અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં લખ્યું, ''હોસ્પિટલમાં, એક સર્જરી પછી આઈસીયુમાં, અનુભવી ડોક્ટરો અને મેડિકલ સ્ટાફની દેખરેખ હેઠળ, પછી હોસ્પિટલમાંથી રજા અને ઘરે વાપસી. આ ઘરે વાપસીનો તબક્કો સૌથી મુશ્કેલ હોય છે. શારીરિક રીતે, માનસિક રીતે અને રોજિંદા જીવનની દૃષ્ટિએ પણ. તમે એક સન્માનિત ચેમ્પિયન રહ્યા હોવ અને એક દિવસ હાર તમારી સામે આવીને ઊભી રહી જાય. આ જિંદગીનો સૌથી કઠિન સમય હોય છે.

જોન અબ્રાહમે બાંદ્રામાં રૂ. 84 કરોડનો બંગલો ખરીદ્યો

મુંબઈ, તા. 21 અભિનેતા જોન અબ્રાહમે મુંબઈના પ્રાઇમ વિસ્તારમાં એક બંગલો ખરીદીને પોતાના રિયલ એસ્ટેટ પોર્ટફોલિયોનો વિસ્તાર કર્યો છે. લિયાસેસ ફોરાસ દ્વારા એક્સેસ કરાયેલા પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, અભિનેતાએ બાંદ્રા વેસ્ટમાં રૂ. 84 કરોડનો બંગલો ખરીદ્યો છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, આ બંગલો બાંદ્રા વેસ્ટના સેન્ટ માર્ટિન રોડ પર આવેલો છે. આ પ્રોપર્ટી 1,017.60 ચોરસ મીટરની જમીનનો વિસ્તાર ધરાવે છે અને આશરે 193.12 ચોરસ મીટરના બિલ્ટ-અપ એરિયા ધરાવતો એક હયાત બંગલો છે, જેમાં આશરે 31.50 ચોરસ મીટરનો આઉટહાઉસ પણ સામેલ છે. આ વ્યવહાર માટે રજિસ્ટર્ડ રકમ રૂ. 84 કરોડ છે. દસ્તાવેજો દર્શાવે છે કે, આ વ્યવહાર 14 જુલાઈ, 2026ના રોજ રજીસ્ટર થયો હતો.

અભિનેતા પીયૂષ મિશ્રા બાથરૂમમાં લપસી જતાં હાથમાં ફ્રેક્ચર



મુંબઈ, તા. 21 દિગ્ગજ એક્ટર પીયૂષ મિશ્રા દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયા છે. ફિલ્મ 'દુલ્હનિયા લે આયેગી'ના ડિરેક્ટર આકાશાદિત્ય લામાએ આ ખુલાસો કર્યો છે. વાસ્તવમાં પીયૂષ મિશ્રા પણ ફિલ્મ 'દુલ્હનિયા લે આયેગી'નો ભાગ છે. તેમણે આજે (મંગળવારે) ડિરેક્ટર અને એક્ટ્રેસ ખુશાલી કુમાર સાથે ફિલ્મના પ્રમોશન ઈવેન્ટમાં પહોંચવાનું હતું. જ્યારે પીયૂષ મિશ્રા ન પહોંચ્યા, તો તેમની ગેરહાજરીના સવાલ પર ડિરેક્ટર આકાશાદિત્ય લામાએ પરિસ્થિતિ સ્પષ્ટ કરી. લામાએ જણાવ્યું કે, પીયૂષ મિશ્રા પોતાના ઘરના બાથરૂમમાં લપસીને પડી ગયા છે, જેના કારણે તેમના હાથમાં ફ્રેક્ચર થઈ ગયું છે. ડોક્ટરોની સલાહ પર તેઓ હાલમાં પૂરી રીતે બેડ રેસ્ટ પર છે અને ફિલ્મના તમામ પ્રમોશન તેમ જ ઈવેન્ટ્સથી દૂર રહેશે.

સ્વરા ભાસ્કરના પતિને ઘસડીને લઈ ગઈ મુંબઈ પોલીસ

મુંબઈ, તા. 21: બોલિવૂડ અભિનેત્રી સ્વરા ભાસ્કર અને તેમના પોલિટિકલ એક્ટિવિસ્ટ પતિ ફહાદ ઝિરાર અહમદ દરેક મુદ્દા પર પોતાના વિચારો બેધડક રજૂ કરે છે. સીજેપી વિરોધ પ્રદર્શનને સમર્થન આપવા માટે સ્વરા ભાસ્કર દિલ્હીના જંતર મંતર પર પણ જોવા મળી હતી. બીજી તરફ ફહાદે મુંબઈમાં આ અંગે એક પ્રદર્શનનું આયોજન કર્યું હતું. પોલિટિકલ એક્ટિવિસ્ટ ફહાદ અહમદને અન્ય પ્રદર્શનકારીઓ સાથે દાદરમાં ચૈત્યભૂમિ પર એક પ્રદર્શન દરમિયાન મુંબઈ પોલીસે અટકાયતમાં લીધો હતો. તેમને માહિમ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યો હોવાનો દાવો કરતાં સ્વરા ભાસ્કરે આ ઘટનાને શરમજનક પરિસ્થિતિ ગણાવી હતી. સ્વરાએ પતિનો વીડિયો પણ શેર કર્યો છે જેમાં પોલીસ તેમને કાઠલો પકડીને ઘસડતી લઈ જતી જોવા મળી રહી છે અને ફહાદ માત્ર વારંવાર પોતાનો ગુનો પૂછી રહ્યો છે.

લાઠીચાર્જ દરમિયાન બર્ગર ખાતો વીડિયો વાયરલ થતાં CJPના પ્રવક્તાને હટાવાયા

નવી દિલ્હી, તારીખ 21 (PTI) પક્ષની 'ચલો સંસદ' માર્ચ વખતે પોલીસના લાઠીચાર્જ દરમિયાન બર્ગર ખાતો વીડિયો સામે આવ્યા બાદ કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) એ મંગળવારે તેના પ્રવક્તા વિજેતા દહિયાને પદ પરથી હટાવી દીધા છે.

સીજેપીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, દહિયાનું વર્તન આંદોલનના મૂલ્યો અનુરૂપ ન હતું. ટીકાઓનો જવાબ આપતાં દહિયાએ કહ્યું હતું કે, લોકોએ એ ના જોયું કે વિરોધ સ્થળ પર રહેલા લોકોની જેમ તેઓ પણ બે રાતથી ઊંઘ્યા નહોતા. દહિયાએ કહ્યું, "તમે મને એવી રીતે જવાબદાર ઠેરવો છો જાણે પ્રદર્શનકારી બનવું એ મારું કામ હોય." સીજેપીએ દહિયાના 'બેહદ અસંવેદનશીલ કૃત્યો'ની નિંદા કરી છે. સીજેપીએ નિવેદનમાં કહ્યું હતું કે, "અમે અમારા પ્રવક્તા વિજેતા દહિયાના અત્યંત સંવેદનહીન કૃત્યોની સખત શબ્દોમાં નિંદા કરીએ છીએ.

અમેરિકાને હાલ વાટાઘાટોમાં કોઈ રસ નથી: ડોનાલ્ડ ટ્રમ્પ

મધ્યસ્થીના પ્રયાસો વચ્ચે હોર્મુઝની સામુદ્રધુનીમાં હુમલા ચાલુ મંગળવારે વહેલી સવારે અમેરિકાએ ઇરાની વિસ્તારોમાં હુમલા કર્યા, ઇરાને હોર્મુઝ સામુદ્રધૂનિમાં એક તેલવાહક જહાજ પર હુમલો કર્યો

ઇરાને અખાતમાં અમેરિકાના સાથી દેશો પર હુમલા ચાલુ રાખ્યા.

ઇરાની અધિકારીએ પાકિસ્તાનમાં બેઠકો શરૂ કરી

બંધ બારણે ચાલેલી વાટાઘાટો અંગે નામ ન આપવાની શરતે વાત કરનારા બે અધિકારીઓના જણાવ્યા અનુસાર, મોમેનીએ પાકિસ્તાનના આર્મી ચીફ ફીલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે મુલાકાત કરી હતી. મોમેની બાદમાં વડાપ્રધાન શેહબાઝ શરીફને પણ મળ્યા હતા. પાકિસ્તાનનું રાજકીય નેતૃત્વ અને આર્મી સ્ટાફ અને સંરક્ષણ દળોના ચીફ તરીકે સેવા આપતા મુનીરે યુનાઇટેડ સ્ટેટ્સ અને ઇરાન વચ્ચે ગયા મહિને થયેલા વચગાળાના કરારને પાર પાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

ઈસ્લામાબાદ, ૨૧: ઈરાન અને અમેરિકા વચ્ચે તૂટી પડેલી વચગાળાની સમજૂતીને પુનઃજીવિત કરવા માટે મુત્સદ્દીઓ દ્વારા મંગળવારે પ્રયાસો કરવામાં આવ્યા હતા, છતાં બંને દેશોએ ૧૦મા દિવસે પણ નવેસરથી લડાઈ ચાલુ રાખીને હુમલા કરવાનું ચાલુ રાખ્યું હતું.

આ સંઘર્ષમાં મુખ્ય મધ્યસ્થ એવા પાકિસ્તાનમાં ઈરાનના ગૃહમંત્રી એસ્કંદર મોમેનીની મુલાકાતે તીવ્ર રાજદ્વારી પ્રયાસો તરફ ઈશારો કર્યો હતો, પરંતુ યુદ્ધનો અંત લાવવા માટે કઈ નવી વ્યવસ્થા પર પહોંચી શકાશે તે અસ્પષ્ટ હતું. હોર્મુઝની સામુદ્રધુની મારફતે જહાજોની અવરજવર મોટે ભાગે થંભી ગઈ છે, અને જ્યારે આ જળમાર્ગ પર નિયંત્રણ મેળવવાની લડાઈ વધુ તીવ્ર બની છે, બંને પક્ષોએ પ્રદેશમાં લાખો લોકો દ્વારા ઉપયોગમાં લેવાતા નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવ્યા છે.

અમેરિકાના શ્રેણીબદ્ધ હુમલાઓ પણ તહેરાનને આ સામુદ્રધુની પરથી તેની પકડ ઓછી કરવા માટે મજબૂર કરી શક્યા નથી, જેમાંથી યુદ્ધ પહેલા વિશ્વના લગભગ પાંચમા ભાગનું કાચું તેલ અને નૈસર્ગિક ગેસ વહન કરવામાં આવતો હતો. અમેરિકાએ મંગળવારે વહેલી સવારે પણ ઈસ્લામિક રિપબ્લિક પર તેના હવાઈ હુમલા ચાલુ રાખ્યા હતા, અને ઈરાને સામુદ્રધુનીમાં એક ટેન્કર પર હુમલો કર્યો હતો, જેના કારણે જહાજના કર્મચારીઓને જહાજ છોડીને ભાગી જવાની ફરજ પડી હતી. ઈરાને આ આ ક્ષેત્રમાં અમેરિકાના સહયોગી દેશો સામે પોતાના હુમલા ચાલુ રાખ્યા હતા, અને મંગળવારે બપોરે, બહરીન અને કુવૈતમાં સાયરનોએ રહેવાસીઓને આવનારી મિસાઈલો અંગે ચેતવણી આપી હતી. બીજી બાજુ અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ઓવલ ઓફિસમાં પત્રકારોને કહ્યું હતું કે ઈરાન મંત્રણા માટે ઉત્સુક છે પણ અમેરિકાને હાલ મંત્રણામાં કોઈ રસ નથી. તેઓ જ્યાં સુધી અર્થસભર રીતે મંત્રણા માટે આવે નહીં ત્યાં સુધી અમને કોઈ રસ નથી.

હૂથી વિદ્રોહીઓની ધમકી બાદ તેલ ટેન્કરોએ રાતા સમુદ્રમાં માર્યો યુ-ટર્ન

બાબ- અલ-મંદેબ સામુદ્રધૂનિ તરફ આગળ વધી રહેલા આ જહાજો સુએઝ નહેરના માર્ગ તરફ વળી ગયા.

રિયાધ, તા. ૨૧: સાઉદી અરેબિયાનું ફ્રૂડ ઓઇલ લઈને ભારત અને ચીન જઈ રહેલા બે તેલ ટેન્કરોએ મંગળવારે રાતા સમુદ્રમાં યુ-ટર્ન લઈને પોતાનો રસ્તો બદલી નાખ્યો. બંને જહાજો બાબ- અલ-મંદેબ સામુદ્રધૂનિ તરફ આગળ વધી રહ્યા હતા, પરંતુ યમનના ઈરાન સમર્થિત હૂથી વિદ્રોહીઓની ધમકી બાદ પાછા સ્વેઝ કેનાલ તરફ વળી ગયા. વાસ્તવમાં, હૂથી વિદ્રોહીઓએ સોમવારે સાઉદી અરેબિયા સામે નૌકાદળ નાકાબંધીની જાહેરાત કરી હતી. ત્યારબાદ તેમણે દુનિયાભરની શિપિંગ કંપનીઓને ઈમેલ મોકલીને ચેતવણી આપી કે સાઉદી અરેબિયાના કોઈપણ બંદર પર માલ સામાન ચડાવનારા કે ઉતારનારા જહાજોને તેમની લશ્કરી પહોંચની અંદર ગમે ત્યાં નિશાન બનાવી શકાય છે. એક અહેવાલ અનુસાર, આમાંથી એક સુપર ટેન્કર 'શિન લોન્ગ યાંગ' સોમવારે સાઉદી અરેબિયાના યાનબુ બંદરથી લગભગ ૨૦ લાખ બેરલ ફ્રૂડ ઓઇલ લઈને ચીન જવા રવાના થયું હતું. જહાજ મંગળવારે સવારે બાબ-અલ-મંદેબ સ્ટ્રેટ પહોંચતા પહેલાં જ અટકી ગયું અને પછી યુ-ટર્ન લઈને સ્વેઝ રૂટ તરફ વળી ગયું. ભારત સાથે જોડાયેલું બીજું ટેન્કર પણ આ જ રીતે પોતાનો રસ્તો બદલીને ઉત્તર તરફ જતું રહ્યું.

સિક્કિમમાં ભૂસ્ખલનથી ટનલ ધસી પડી: 20 મજૂરોનાં મોત

કુલ 25 લોકો ટનલની અંદર ફસાયા હતા

ગંગટોક, તા. 21 (PTI): સિક્કિમના નામચી જિલ્લામાં શંકાસ્પદ મિથેન ગેસના વિસ્ફોટ બાદ બાંધકામ હેઠળની એક સુરંગ ધસી પડતાં ઓછામાં ઓછા 20 શ્રમિકોનાં મોત થયાં છે અને અન્ય પાંચ લોકો 24 કલાક કરતાં વધુ સમયથી ફસાયેલા છે. એમ મંગળવારે એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી પ્રેમસિંઘ તમાંગે એનએચપીસી સુરંગ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પ્રત્યેક શ્રમજીવીના નજીકના સ્વજનને રૂ. 4-4 લાખ અને દરેક ઈજાગ્રસ્ત વ્યક્તિને રૂ. 50-50 હજારની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી સાથે વાતચીત કરીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને કેન્દ્ર સરકાર તરફથી તમામ શક્ય મદદની ખાતરી આપી હતી.

વડા પ્રધાને પણ મૃતકોના નજીકના સ્વજનોને રૂ. 2-2 લાખ અને ઈજાગ્રસ્ત થયેલા લોકોને રૂ. 50-50 હજારની આર્થિક સહાયની જાહેરાત કરી હતી. સોમવારે બપોરે 1 વાગ્યા પછી તુરંત જ સમરહુંગ ખાતે આવેલ એનએચપીસી તીસ્તા સ્ટેજ VI હાઈડ્રોપાવર પ્રોજેક્ટની ધસી પડેલી સુરંગની અંદર કેટલાક પ્રોજેક્ટ અધિકારીઓ સહિત કુલ 25 શ્રમિકો ફસાયા હતા.

નામચીના સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (એસપી) સોનમ ડી ભૂટિયાએ જણાવ્યું હતું કે, "સુરંગમાં ફસાયેલા 25 લોકોમાંથી 20 લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે.

યુકેના નવા વડાપ્રધાન બર્નહામે સરકાર રચી: ભારતીય મૂળના મંત્રીને બઢતી

ભારતીય મૂળના કનિષ્ક નારાયણને કેબિનેટ કક્ષાના આઇટી મંત્રી તરીકે બઢતી, લીસા નાંદીને વધારાની જવાબદારી સોંપાઇ

લંડન, તા. ૨૧: બ્રિટિશ વડાપ્રધાન એન્ડી બર્નહામે ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટનો પદભાર સંભાળ્યાના ગણતરીના કલાકોમાં જ પોતાની મુખ્ય ટીમ ફાઈનલ કરી લીધી છે. તેમણે બ્રિટિશ-ભારતીય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) મંત્રી કનિષ્ક નારાયણને કેબિનેટમાં પ્રમોશન આપ્યું છે, જ્યારે પૂર્વ વડાપ્રધાન કીર સ્ટાર્મરના અનેક સાથીઓને સરકારમાંથી હટાવી દીધા છે. બર્નહામે ટૂંક સમયમાં જ ટીમની જાહેરાત કરવાનું શરૂ કર્યું હતું. લિસા નાંદી અન્ય એક ભારતીય મૂળના મંત્રી છે જેમણે પોતાનો વિભાગ જાળવી રાખ્યો છે, સાથે જ તેમને 'ડિજિટલ, કલ્ચર, મીડિયા અને સ્પોર્ટ'ના સેક્રેટરી ઓફ સ્ટેટ તરીકેની વધારાની જવાબદારી સોંપવામાં આવી છે.

Muthoot Homefin

મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ ઝૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

કબજા નોટિસ (સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાણે લેતા પરિશિષ્ટ IV મુજબ)

આથી અધોહસ્તાક્ષરકર્તા મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી તરીકે 'ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002' (2002નો 54) હેઠળ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચવામાં આવતી કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ લોનધારક(ઓ)/જામીનદાર(ઓ)ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. લોનધારક રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી લોનધારક(ઓ)/સહ-લોનધારક(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સદર કાયદાની કલમ 13(4) સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો મેળવી લીધો છે. ખાસ કરીને લોનધારક અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે. મિલકત સાથેનો કોઈ પણ વ્યવહાર નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના ચાર્જને આધીન રહેશે. સુરક્ષિત મિલકતો છોડાવવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે કાયદાની કલમ 13ની ઉપ-કલમ (8)ની જોગવાઈઓ તરફ લોનધારકનું ધ્યાન દોરવામાં આવે છે.

અ. નં.	લોનધારક(ઓ)/ સહ-લોનધારક(ઓ)નું નામ/લોન એકાઉન્ટ નં./શાખા	સુરક્ષિત મિલકતની ટૂંકી વિગત	ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી લેણી રકમ (રૂ.)	કબજો લીધાની તારીખ
1.	રમેશસિંઘ અંશુમાનસિંઘ રાજપૂત / બીનાસિંઘ રમેશભાઈ રાજપૂત / 004-00404433 / સુરત	"નંદ રેસિડેન્સી" ની જમીનમાં અવિભાજિત હિસ્સા સાથે ફ્લેટ નં. 407, 4થા માળે, જેનું બિલ્ટ-અપ ક્ષેત્રફળ 366.8 ચોરસ ફૂટ એટલે કે 34.08 ચોરસ મીટર અને સુપર બિલ્ટ-અપ ક્ષેત્રફળ 554.8 ચોરસ ફૂટ છે. રેવન્યુ સર્વે નં. 93/1, બ્લોક નં. 121, ક્ષેત્રફળ 2-29-50 હેક્ટર ચોરસ મીટર પૈકી "સાઈ દર્શન રેસિડેન્સી"ના પ્લોટ નં. 191 થી 193 અને પ્લોટ નં. 206થી 209, મોજે ગામ બાગુમરા, તાલુકો: પલસાણા, જિલ્લો: સુરત. સીમાઓ: ઉત્તરે - રસ્તો, દક્ષિણે - પ્લોટ નં. 194, 205, પૂર્વે - રસ્તો, પશ્ચિમે - રસ્તો.	28-ફેબ્રુઆરી-2026 રૂ. 5,68,364/- (રૂપિયા પાંચ લાખ અડસઠ હજાર ત્રણસો ચોસઠ પૂરા)	19-Jul-2026

તારીખ: 22 જુલાઈ, 2026
સ્થળ: સુરત

સહી/- અધિકૃત અધિકારી
મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

શ્રીનગર

ઉત્તર-પૂર્વ અને પહાડી રાજ્યોમાં કુદરતનો કોપ

ભારે વરસાદ અને પૂરથી વ્યાપક તારાજી, અનેક લોકોના મોત

જમ્મૂમાં ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન ભારે પ્રભાવિત

હિમાચલમાં રેડ એલર્ટ, આસામમાં પૂરની વિકટ સ્થિતિ

નવી દિલ્હી, તા. 21 (PTI)

ઉત્તર-પૂર્વ વરસાદી હોનારતોને કારણે ઓછામાં ઓછા છ લોકોનાં મોત થયાં છે, જ્યાં પૂરે રેલવે ટ્રેક, ખેતીલાયક જમીન અને જાહેર ઉપયોગી સુવિધાઓને નુકસાન પહોંચાડ્યું છે. બીજી તરફ હિમાચલ પ્રદેશ અને જમ્મૂમાં ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન ભારે પ્રભાવિત થયું છે. હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટવાને કારણે છ મકાનો તણાઈ ગયાં હતાં, પરંતુ સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે કોઈ જાનહાનિ થઈ નથી.

હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની 'રેડ એલર્ટ'ની આગાહીને ધ્યાનમાં રાખીને મંગળવારે કાંગડા, મંડી અને સિરમૌર જિલ્લામાં તમામ શાળાઓ અને કોલેજો બંધ રાખવામાં આવી હતી. અવિરત વરસાદને કારણે અધિકારીઓને શિમલાના થિયોગ, ચંબાના સાલૂની અને કુલ્લુ જિલ્લાના નિર્મંડમાં પણ તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ કરવાની ફરજ પડી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, કિન્નોર જિલ્લામાં બે સ્થળોએ ભૂસ્ખલન થતાં જૂનો હિંદુસ્તાન-તિબેટ રોડ (નેશનલ હાઇવે 5) વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો.

જમ્મૂ ક્ષેત્રના મોટા ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો, જ્યારે બચાવ ટુકડીઓએ સૌથી વધુ પ્રભાવિત પૂંચ અને રાજૌરી જિલ્લામાં ગુમ થયેલા સાત લોકોની શોધ ચાલુ રાખી હતી.

રવિવારથી પૂંચ, રાજૌરી અને ડોડા જિલ્લામાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ઓછામાં ઓછા 23 લોકોનાં મોત થયાં છે અને સાત અન્ય ગુમ છે.

આસામમાં ચરાઈદેવ જિલ્લામાં પૂરના કારણે એક વ્યક્તિનું મોત થતાં આવી વરસાદી હોનારતોમાં મૃત્યુઆંક વધીને 11 પર પહોંચ્યો છે. બ્રહ્મપુત્રા, દિખોવ, દેસાંગ અને ધનસિરી સહિતની કેટલીક મુખ્ય નદીઓ રાજ્યના વિવિધ ભાગોમાં ભયજનક સપાટીથી ઉપર વહી રહી હતી, જેમાંના કેટલાક જળાશયો અતિશય પૂરની સપાટી વટાવી ચૂક્યા હતા. આર્મી, એનડીઆરએફ, એસડીઆરએફ અને ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિસ સહિતની વિવિધ એજન્સીઓ દ્વારા રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી.

આસામના ઉપરવાસમાં પૂરના પાણી ટ્રેક પર ફરી વળતાં બીજા દિવસે પણ ટ્રેન સેવાઓ પ્રભાવિત રહી હતી. ઉત્તર-પૂર્વ ફ્રન્ટિયર રેલવે (એનએફઆર)એ કેટલીક ટ્રેનો રદ કરી હતી, અધવચ્ચે અટકાવી હતી અથવા તેના રૂટ બદલ્યા હતા અને અટવાયેલા મુસાફરો માટે ખાસ ટ્રેનોની પણ જાહેરાત કરી હતી.

ટ્રમ્પે કેનેડા સાથે ફરી વેપાર યુદ્ધ છેડ્યું: ૫૦ ટકા નવા ટેરિફ ઝિંક્યા

કેનેડાએ અમેરિકન ઓટોમોબાઇલ્સ, આલ્કોહોલ અને ડેરી ઉત્પાદનો સાથે અન્યાયી રીતે ભેદભાવ કર્યો હોવાનો આક્ષેપ

મોટાભાગની વસ્તુઓ પર આ ટેરિફ લાગશે, અગાઉ અમેરિકા-મેક્સિકો-કેનેડા કરાર દ્વારા મુક્તિ અપાઇ હતી તે વસ્તુઓ પર પણ લાગશે

વોશિંગ્ટન, ૨૧ જુલાઈ: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે મોટાભાગની કેનેડિયન ચીજવસ્તુઓ પર ૫૦ ટકા ટેરિફ લાદી દીધા છે. તેમણે દાવો કર્યો હતો કે કેનેડાએ અમેરિકન ઓટોમોબાઇલ્સ, આલ્કોહોલ અને ડેરી ઉત્પાદનો સાથે અન્યાયી રીતે ભેદભાવ કર્યો છે. આ પગલાંને કારણે આર્થિક અસ્થિરતાનું નવું મોજું આવી શકે છે, જેનાથી ફુગાવો વધવાનું જોખમ રહેલું છે. ટ્રમ્પના વ્હાઇટ હાઉસમાં વાપસી પહેલાં જે બે દેશો એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા હતા, તેમની વચ્ચેના સંબંધો વધુ વણસી શકે છે. આ કાર્યવાહી અંગે અગાઉ માહિતી આપનાર વહીવટી અધિકારીએ જણાવ્યું હતું કે, ચીન સિવાય કેનેડા જ એકમાત્ર એવો દેશ હતો જેણે ટ્રમ્પના અગાઉના ટેરિફ સામે જવાબી કાર્યવાહી કરી હતી, તેથી તેને જવાબદાર ઠેરવવો જરૂરી છે. ટ્રમ્પે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની સાથે રવિવારે વર્લ્ડ કપ ફાઇનલમાં મુલાકાત કરી હતી - જ્યાં બંને વચ્ચે મિત્રાચારીના ભાવો દેખાતા હતા - ત્યારબાદ તેમણે આ અણધારી જાહેરાત કરીને કેનેડિયન નેતાને ચોંકાવી દીધા છે.. નવા 50 ટકા ટેરિફમાંથી ઊર્જા ઉત્પાદનો, પોટાશ, માછલી અને મહત્વપૂર્ણ ખનિજોને બાદ રાખવામાં આવશે.

પશ્ચિમ રેલવે

EPPFS/PFS સિસ્ટમનું વન ટાઈમ રિપેરિંગ

Sr.CDO-ICD-BDTS દ્વારા ઈ-ટેન્ડર નોટિસ નંબર: BDTS-EPPFS-PFS-2025, તારીખ: 17.07.2026 આમંત્રિત કરવામાં આવે છે. કામનું નામ: બાંદ્રા ટર્મિનસ ખાતે કોચિંગ ડેપોમાં LHB કોચમાં EPPFS/PFS સિસ્ટમનું વન ટાઈમ રિપેરિંગ. કામની આશરે કિંમત: ₹ 41,01,534.86 (તમામ કર સહિત) ઈએમડી: ₹ 82,100/- ટેન્ડર સબમિટ કરવાની અંતિમ તારીખ અને સમય: 14.08.2026ના રોજ બપોરે 15:00 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0385

અમને લાઇક કરો: facebook.com/WesternRly

જાહેર નિવિદા નં.૬ સને ૨૦૨૬-૨૭

કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી (મા×મ) વિભાગ, જુનાથાણા, નવસારી (ફોન નં.૦૨૬૩૭-૨૫૮૦૪૧) ની કચેરી દ્વારા ૫ કામો જેની અંદાજીત રકમ રૂા.૧૭.૨૦ થી ૪૨.૦૧ લાખ સુધીની છે. આ કામો માટેના ટેન્ડર તા.૦૩/૦૮/૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન ભરી શકાશે. આ કામોના ટેન્ડર Website: https://tender.nprocure.com પર ઓનલાઇન ભરવાના રહેશે. આ કામો અંગેની વિગતવાર માહિતી નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબસાઇટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે.

સદર જાહેરાતને લગત અન્ય સુધારા વધારા ઉપરોક્ત જણાવેલ વેબસાઈટ પર જ ભાવો ભરનારને જોવા મળશે.

કાર્યપાલક ઇજનેર
નવસારી (મા×મ) વિભાગ
નવસારી

માહિતી/નવસારી/૧૯૭/૨૦૨૬

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત થયેલ છે અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) CIN: L65110TN2014PLC097792 રજિસ્ટર્ડ ઓફિસ: કે.આર. એમ. ટાવર્સ, 8મો માળ, હેરિંગટન રોડ, ચેતપેટ, ચેન્નઈ-600031. ફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચે દર્શાવેલ લોનધારકો અને સહ-લોનધારકોને આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત થયેલ છે અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે મુજબની સુરક્ષિત (ગીરો) લોન મેળવેલ છે. નીચે જણાવેલ લોનધારકો અને સહ-લોનધારકોની લોન સામે તેમની સંબંધિત મિલકતો ગીરો મુકીને સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારની શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને ખાતામાં અનિયમિતતા આવી હોવાથી આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ તેમની લોનને એનપીએ તરીકે વર્ગી